:: ધી ભાવનગર ડિસ્ટ્રીક્ટ કો.ઓપરેટીવ બેંક લિ., ભાવનગર.

૧૩, ગંગાજળીયા તળાવ, સહકાર ભવન, પો.બો.નં. ૮૨, ભાવનગર–૩૬૪૦૦૧

ફોન : ૨૪૨૩૩૨૫ – ૨૪૨૬૫૨૦ વેબસાઈટ : www.bhavnagar.bank.in

ઓડિટ/૬૯/૫૩૮

:: બેંકનાં સભાસદ જોગ નોટીસ ::

આ બેંકની તા.૩૧/૦૩/૨૦૨૬ નાં અંતે સંયોજીત સભાસદ મંડળીઓને આ નોટીસ થી જાણ કરવામાં આવે છે કે, બેંકનાં બોર્ડ ઓફ ડીરેકટર્સની ચુંટણી પ્રકીયા માટે તા.૩૧/૦૩/૨૦૨૬ ની સ્થિતિએ સભાસદ મંડળીઓએ ઠરાવથી પોતાનાં કોઈ એક બીન મુદતવિતેલ સભાસદને મત આપવા નિયુકત કરી, ઠરાવ મોકલી આપવાનો રહેશે. ઠરાવમાં પ્રતિનિધિનું અટક સાથેનું પુરૂ નામ જણાવવાનું રહેશે તેમજ ઠરાવની નકલમાં મંડળીનું પુરૂ નામ, નોંધણી નંબર અને તારીખ અચુક લખવાનાં રહેશે.

વ્યવસ્થાપક સમિતિએ મંડળીનાં પ્રતિનિધિ નિયુકત કર્યાનાં ઠરાવમાં મંડળીનાં અધિકૃત હોદ્દેદારોનાં સહી – સીકકાવાળી નકલ રજાનાં દિવસો સિવાય તા.૨૭/૧૧/૨૦૨૬ સુધીમાં બેંકનાં ઓફીસ સમય દરમ્યાન મુખ્ય કચેરી, ભાવનગરને ઉપરોકત સરનામે મળે તેમ મોકલી આપવા વિનંતી છે. આ નોટીસ મુજબ જે મંડળી / સંસ્થાએ પ્રતિનિધિનાં નામ તા.૨૭/૧૧/૨૦૨૬ સુધીમાં મોકલ્યા હશે તેઓ જ ચુંટણીમાં ભાગ લઈ શકશે જેની નોંધ લેવા વિનંતી છે.

ઠરાવનો નમુનો બેંકની દરેક શાખાએ નોટીસ બોર્ડ પર મુકવામાં આવેલ છે. તેમજ બેંકની વેબ સાઈટ પરથી પણ નમુનો પ્રિન્ટ કરી મેળવી શકાશે.

ભાવનગર.
તા. ૧૨/૧૧/૨૦૨૬

THE BHAVNAGAR DISTRICT CO-OP. BANK LTD. BHAVNAGAR

P.J. Jadeja
ઈ.જનરલ મેનેજર

:: ઠરાવનો નમુનો ::

શ્રી.....સહકારી મંડળી લિ.ની તારીખ : / /૨૦૨૬

ની વ્યવસ્થાપક સમિતિનાં ઠરાવ નંબર : ..... ની ખરી નકલ.

મંડળીનું નામ :.....

સરનામું :.....

.....

નોંધણી નંબર :.....

નોંધણી તારીખ :.....

ઠરાવ નંબર :.....

ઘી ભાવનગર જિલ્લા સહકારી બેંક લિ.નાં બોર્ડ ઓફ ડાયરેકટર્સની ચુંટણી આગામી સમય માં યોજાવાની છે. તેમાં આપણી મંડળી શ્રી..... વતી મત આપવા માટે આપણી મંડળીનાં સભ્યશ્રી..... સરનામું..... ને અધિકાર આપી નિમવાનું ઠરાવવામાં આવે છે. તેમજ તેઓશ્રી પાસે આ મંડળીનું કે કોઈ અન્ય સંસ્થાનું કોઈ પણ પ્રકારનું મુદત વિતેલ લ્હેણુ બાકી ન હોવાની ખાત્રી આપવામાં આવે છે.

મંડળીનો ગોળ સિક્કો

અસલ ઉપરથી ખરી નકલ.

પ્ર મુ ખ. **મંત્રી.**

શ્રી.....સેવા સહકારી મંડળી લિ.

:: ધી ભાવનગર ડિસ્ટ્રીકટ કો.ઓપરેટીવ બેંક લિ., ભાવનગર.

૧૩, ગંગાજળીયા તળાવ, સહકાર ભવન, પો.બો.નં. ૮૨, ભાવનગર–૩૬૪૦૦૧

ફોન : ૨૪૨૩૩૨૫ – ૨૪૨૬૫૨૦

જાવક નં.એડમ/૬૯/૫૩૯ તા.૧૨/૧૧/૨૦૨૬

પ્રતિ,

શ્રી પ્રમુખ / મંત્રીશ્રી,

શ્રી..તમામ..સભાસદ સહકારી મંડળી લિ.,

મું.....લગત...તમામ

વિષય : **બેંકનાં બોર્ડ ઓફ ડાયરેકટર્સની યોજાનાર ચુંટણીમાં મતદાન માટે મંડળીનાં બીન મુદતવિતેલ સભ્યને અધિકૃત કરવા બાબત...**

જયભારત સાથ જણાવવાનુ કે, બેંકનાં બોર્ડ ઓફ ડાયરેકટર્સની ચુંટણી માટે કાર્યવાહી હાથ ધરનાર છે. બેંક ધ્વારા તા.૧૨/૧૧/૨૦૨૬ ની સભાસદ જોગ નોટીસ માં જણાવ્યા મુજબ ચુંટણીમાં મંડળી વતી મત આપવા માટે આપની મંડળીનાં બીન મુદત વિતેલ સભ્યને વ્યવસ્થાપક સમિતિ માં ઠરાવ કરી અધિકૃત કરવાનાં રહે છે. આ પત્રની પાછળ આપેલ નમુનાં મુજબનો ઠરાવ કરી રજાના દિવસો સિવાય તા.૨૭/૧૧/૨૦૨૬ સુધીમાં બેંકનાં ઓફીસ સમય દરમ્યાન બેંકની મુખ્ય કચેરી, ભાવનગરને મળે તેમ મોકલી આપવા વિનંતી છે.

નોંધ :

(૧) તા.૩૧/૦૩/૨૦૨૬ નાં અંતે બેંકની સભાસદ મંડળી / સંસ્થાએ જ ઠરાવ મોકલવાનાં છે.

(૨) ઠરાવમાં અધિકૃત કરેલ સભ્યનું અટક સાથે પુરૂ નામ અને સરનામું અચુક દર્શાવશો.

(૩) ઠરાવની નકલમાં મંડળીનું પુરૂ નામ, સરનામુ, નોંધણીનો નંબર અને તારીખ અચુક લખવાનાં રહે છે.

(૪) જે મંડળી / સંસ્થાએ મતદાન માટે અધિકૃત કરેલ સભ્યનાં નામનો નમુના મુજબનો ઠરાવ નિયત સમયમાં મોકલ્યા હશે તેઓ જ મતદાનમાં ભાગ લઈ શકશે.

આ બાબત ખુબ જ જરૂરી ગણી તુરત અમલ કરવા વિનંતી છે.

P.J.Jadeja

ઈ.જનરલ મેનેજર

THE BHAVNAGAR DISTRICT CO-OP. BANK LTD. BHAVNAGAR

નકલ :

શ્રી આસી.મેનેજર / બ્રાંચ મેનેજર,

....તમામ.....શાખા.

આ પત્રની એક નકલ તમારા ચાર્જનાં તાલુકાની શાખાઓ સાથે સંયોજીત મંડળીઓને પોસ્ટ અથવા રૂબરૂ પહોંચતી કરી નકલ મળ્યા બદલનાં આધાર મેળવી અત્રે મોકલી આપશો.